અપીલ અરજી નં.૩૫૯ તા.૧૮–૧–૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી તા.૨૧–૧૧–૦૯ ની જાહેરાત નં.પીઆરઓ/૩૫૭/૦૯–૧૦ બેલદાર અને સફાઈ કામદારોના ૧૨૦૦ ખાલી જગ્યાની ભરતી અંગેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૫૯/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૮–૧૨–૦૯ નીઅરજી બાબતે પર્સોનલ ઓફિસર અને મદદની જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટ/આર/૮૯૮ તા.૮–૧–૧૦થી આપેલ માહિતી અયોગ્ય, અપુરતી અને ખોટી (અસત્ય) હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨૮ તા.૩૦–૧–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ) તથા અરજદારને અરજીના મુદ્દા નં.૩,૪ અને ૫ અંગે માહિતી અંગે તેઓ સ્પષ્ટ જણાતા ન હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની કે નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ સામે અરજદારે રજૂ કરેલ જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પ્રત્યુત્તર ની નકલ જોતાં તે આપેલ જણાય છે. તેની સામે અપીલમાંની રજૂઆત થયેલ કાર્યવાહી અને લેવાયેલ જાહેરાતના નિર્ણય સબંધમાં સૂચન સ્વરૂપે તથા સ્પષ્ટ કરવા જણાવતી વિગતો માંગેલ છે. તેમ છતાં અપીલના નિકાલ પૂર્વે તક આપવાના હેતુથી ખરેખર શું માહિતી ઈચ્છે છે તે અંગે વિવરણ રજૂ કરવા જણાવવામાં આવે તથા મુદ્દા નં.૧ અને ૨ અંગે વેબસાઈટ ઉપરથી જાહેર દસ્તાવેજ મેળવેલ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૫–૨–૧૦ થી પત્ર પાઠવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૧૦૧૧ તા.૧૮–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, નં.સે.ઝોન/ આરટીઆઈ / જાવક/૧૩૦૧ તા.૨૨–૧૨–૦૯ ના તબદીલ પત્રની નકલ, અરજદારને માહિતી પેટે ફી ભરવા પાઠવેલ પત્ર નં.જીએડી/એસટી/આર/૮૪૨ તા.૩૧–૧૨–૦૯ ની નકલ તથા પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૮૯૮ તા.૮–૧–૧૦ ના પત્રની નકલ, આસી મેનેજર અમદાવાદ મ્યું. કોર્પોરેશન તા.૧૬–૧૨–૦૯ ના પત્રની નકલ, પર્સોનલ ઓફિસર મહેકમે રોજગાર અધિકારી કચેરી સોનગઢ માંડવીને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૬૨ તા.૨૫–૧૧–૦૯ ના પત્રની નકલ, તા.૧–૬–૦૯ નો ગોવા હાઈકોર્ટના નિર્ણયની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૮૪૨ તા.૩૧–૧૨–૦૯ થી માહિતીની વિગત પાના નંગ–૬ પાના દીઠ રૂ.૨/– લેખે રૂા.૧૨/– જમા કરાવી તેની પહોંચ રૂમ નં.૧૧૪ (રીક્રૂટમેન્ટ વિભાગ) સુરતને રજૂ કર્યેથી માહિતી બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૫–૧–૧૦ ના રોજ રસીદ નં.૧૧૫૦૨૪ થી ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૯૮ તા.૮–૧–૧૦ થી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ સુરત મહાનગર સેવા સદન નીતિ નિયમો ખાલી જગ્યાઓ ભરવા તથા અન્ય બાબતની માહિતીની નકલ અયોગ્ય , અપૂરતી અને ખોટી હોવાનું જણાવી મુદૃ ાનં.૧ ,૩,૪, ૫ અને ૬ પૂરતી યોગ્ય અને સ્પષ્ટ માહિતી મેળવવાની રજૂઆત કરી તા.૧૮–૧–૧૦ થી અપીલ અરજી કરેલ છે. જેના સં દર્ભે અપીલ તબકકે અરજદારને પત્ર નં .આરટીઆઈ સેલ/૧૨૨૮ તા.૩૦–૧–૧૦ થી પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે તા.૫–૨–૧૦ ના રોજ પાઠવેલ પત્રમાં મુદ્દા નં.૧ કે ૨ બાબતે વેબસાઈટ ઉપરથી માહિતી મેળવેલ છે કે કેમ? તેમજ જાહેરાતના નિર્ણય સંબધમાં સૂચન સ્વરૂપે તથા વાજબીપણું સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ તે સંબંધે ખરેખર જરૂરી માહિતીનું વિષય વસ્તુ સ્પષ્ટ કરવા જણાવેલ પરંતુ અરજદારે તે અંગે કોઈ વિગતો આપેલ નથી. અરજદારે માંગેલ મુળ માહિતીના મુદ્દા નં. (૧) સુરત મહાનગરપાલિકા સેવા સદન સ્વાયત સંસ્થા હોય જેના નિતી નિયમોની ગુજરાત સરકારે આપેલ આદેશ અનુસાર શ્રી કમિશ્નરનાં નિતી નિયમોની માહિતી નકલ. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાનો વહીવટ બીપીએમસી એકટને આધીન કરવામાં આવે છે જેની પુસ્તિકા ખુલ્લા બજારમાંથી ઉપલબ્ધ થશે. તેવી માહિતી આપેલ છે. જેમાં અપીલમાં અરજદારે કાયદાની અપડેટ વિગતોની રજૂઆત કરેલ છે. વધુમાં વેબસાઈટ ઉપરથી માહિતી મેળવવા બાબતે અરજદારે કોઈ પ્રત્યુત્તર આપેલ નથી. મુદ્દા નં.(૨) તા.૨૧– ૧૧– ૦૯ ની જાહેરાત પી.આર.ઓ. ૩૫૭/૦૯–૧૦ બેલદારો અને સફાઈ કામદારોનાં ૧૨૦૦ ખાલી જગ્યાનાં કુલ અરજી ફોર્મનું ૭(સાત) ઝોનનું વર્ગીકૃત વેચાણ અંગેની તા.૧૪–૧૨–૦૯ સુધીની માહિતીની નકલ. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૧–૧૧–૦૯ ની જાહેરાત નં.પીઆરઓ/૩૫૭/૦૯–૧૦ બેલદારો અને સફાઈ કામદારોના ૧૨૦૦ ખાલી જગ્યાનું કુલ અરજી ફોર્મનું કુલ વેચાણ ૮૬,૪૯૦ થયેલ છે. રેકર્ડ વિભાગનું વેચાણ ૧૬૪૯૦, રાંદેરઝોન–૮૫૦૦, અઠવાઝોન–૬૦૦૦, વરાછાઝોન–૭૦૦૦, સેન્ટ્રલઝોન–૨૦,૫૦૦, કતારગામઝોન–૯૦૦૦, ઉધનાઝોન–૧૧૦૦૦, લીંબાયતઝોન–૮૦૦૦ તેવી માહિતી આપેલ છે. જે બાબતે અરજદારે બધા ફોર્મ વેચાણના ફીગરો રાઉન્ડમાં છે તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.(૩) અન્ય શહેર વલસાડ,ભરૂચ તથા વાપી વિગેરે નગરપાલિકાઓ પણ સ્વાયત સંસ્થા હોવા છતાં શહેરોની નગરપાલિકાની ખાલી જગ્યાની જાહેરાતમાં અન્ય શહેરનાં ઉમેદવારોની જગ્યા સ્થાનિક ઉમેદવારો પ્રથમ અગ્રિમતા આપવામાં આવશે. તેવી સ્પષ્ટ નોંધ હોય છે. જયારે સુરત મહાનગર સેવાસદનની ખાલી જગ્યાઓની જાહેરાતમાં આવી નોંધ હોતી નથી અને સુરત શહેરનાં ઉમેદવારોને અન્ય શહેરની નગરપાલિકાઓમાં નોકરીમાં લેવામાં આવતા નથી. જયારે સુરત મહાનગર સેવાસદનમાં અન્ય શહેરનાં ઉમેદવારોની પ્રથમ પસંદગી કરવા વિગેરે અંગેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી નગરપાલિકાની સરખામણીએ મહાનગરપાલિકાની કામગીરીમાં તફાવત રહેવા જોગ છે અન્ય મહાનગરપાલિકાની માહિતી આ સાથે સામેલ છે. તેવી માહિતી આપેલ છે. જેમાં અપીલ

તબકકે અરજદારે નગરપાલિકાની સરખામણીએ મહાનગરપાલિકા તફાવત તથા અન્ય મહાનગરપાલિકાઓના ઠરાવ આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં. (૪) આ જાહેરાત તા.૨૧–૧૧–૦૯ ની બિન અનામાત ઉમેદવારોની તમામ જગયાઓ રાજય સરકાર ધ્વારા નકકી થયેલ રોસ્ટરને ધ્યાનમાં લઈને આપવામાં આવેલ છે જે મુજબ સુરત પ્રાદેશિક રોજગાર કચેરીમાંથી સદર કેડરના નોંધાયેલ લાયકાત અને અનુભવ સહિતના નોકરી વાંચ્છુ ઉમેદવારોની યાદી ન મંગાવીને આ જાહેરાત તથા આગળ આપેલ જાહેરાતના અરજી ફોર્મનું બેકાર નોકરી વાંચ્છુ ઉમેદવારોને રૂા.૧૦/– માં વેચાણ કરવા અંગેની માહિતીની નકલ . તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી રોજગાર કચેરીને મોકલવામાં આવેલ પત્રોની નકલ આ સાથે સામેલ છે. તેવી માહિતી આપેલ છે. જેમાં અપીલ તબકકે રોજગાર કચેરીને મોકલવામાં આવે પત્રની નકલ સામેલ છે જયારે સદર જાહેરાત બિન અનામત ઉમેદવારોની હોવા છતાં અનુસૂચિત જાતિ, જનજાતિ, સેવા સંઘ અને મંડળની નકલો આપેલ છે અને તે પણ સદર બેલદાર અને સફાઈ કામદરોની જાહેરાત તા.૨૧–૧૧–૦૯ બાદ મોકલેલ છે. આગળથી મોકલેલ નથી અનુસૂચિત જાતિ અને જનજાતિ સેવામંડળ અને સંઘની યાદી ઉમેદવારોની માંગેલ નથી પરંતુ સદર જાહેરાતની જાણ કરેલ છે. યાદી મંગાવેલ નથી કે નોંધ પણ નથી. જેથી માહિતી અપૂરતી છે. જેમાં અરજદારે અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં. (૫) અગાઉની તમામ બેલદારો અને સફાઈ કામદારોની ખાલી જગ્યાઓની જાહેરાતમાં જેના ઈન્ટરવ્યુ લીધેલા હોય તે તમામ જાહેરાતમાં સુરત શહેરના ઉમેદવારોની સામે અન્ય શહેરોના ઉમેદવારોની વધુ ભરતી કરવામાં આવેલ છે. સુરત શહેરના નાગરીકોના બેફામ વેરાના નાણાથી સુરત મહાનગરપાલિકા સેવાસદન આર્થિક રીતે સધ્ધર થઈ હોવા છતાં અન્ય શહેરોના ઉમેદવારોની જગ્યાએ સુરત શહેરના નોકરી વાંચ્છુ ઉમેદવારોની પસંદગી નહિવત કરવામાં આવે છે. જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી ભારત સરકારના ૧ લી જુર ૨૦૦૯ ના પત્ર ક્રમાંક ૧–૭–૨૦૦૯ આઈઆરને વાંચનમાં લેવા વિનંતી તેવી માહિતી આપેલ છે. જેમાં અપીલ તબકકે અરજદારે તા.૧–૬–૦૯ ની ગોવા હાઈકોર્ટના નકલની પૂર્ણ વિગતોની નકલની અપીલ તબકકે માંગણી કરેલ છે. મુદ્દા નં.(૬) કેન્દ્ર સરકારના છઠ્ઠા પગાર પંચનો અમલ રાજય સરકારે કરેલ ન હોય પરંતુ સુરત મહાનગરપાલિકા સ ેવાસદન સ્વાયત સંસ્થા હોવા છતાં સ્વીકારેલ છે તેમ છતાં સાત ઝોન કચેરીઓ બીજા અને ચોથા શનિવારે તથા અમુક જાહેર રજાના તથા તહેવારોના દિવસે પણ રજા જાહેર કરે છે અને વોર્ડ ઓફિસ કાર્યશીલ હોય છે. જયારે કેન્દ્ર સરકારના નીતી નિયમો અનુસાર છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવવો છે પરંતુ રજાના ફરજના નિતિ ન્યિમોનો અમલ કરવો નથી. રેલ્વે પોસ્ટ ઓફિસ વિગેરે કેન્દ્ર સરકારની કચેરીના કર્મચારીની જેમ ફરજ બજાવી નથી. છઠ્ઠા પગાર પંચની લાભની અને રજાના ફરજના નિતી નિયમોની ફરજની નકલ. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી ભારત સરકારના ૧ લી જુન ૨૦૦૯ ના પત્ર ક્રમાંક ૧–૭–૨૦૦૯ આઈ આરને વાંચનમાં લેવા વિનંતી. વધુમાં સદર બાબતેનો અંશતઃ જવાબ મુદ્દા નં.૧ માં સામવેશ થઈ જાય છે. રજા વિગેરે બાબત બીસીએસઆરની પુસ્તિકામાંથી તેમજ છઠ્ઠા પગાર પંચના લાભની અને રજાના, ફરજના નિતિ નિયમો બાબતે પગાર સુધારણા નિયમો–૨૦૦૯ છઠ્ઠા પગાર પંચ ગુજરાત રાજયનો પરીચય પુસ્તિકામાંથી માહિતી ઉપલબ્ધ બની શકશે. તેવી માહિતી આપેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે આપેલી માહિતીના કાયદાઓના પુસ્તકોની માંગણી કરેલ છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારે મુદ્દા નં.૧ અને ૬ થી કાયદા અને નિયમોના પુસ્તકોનો આગ્રહ રાખેલ છે. જે સરકારશ્રી ધ્વારા રાજયપત્રમાં પ્રસિધ્ધ થાય છે અને સરકારી પુસ્તકાલય મારફતે વેચાણ પણ થાય છે. તદ ઉપરાંત ખાનગી પ્રકાશનો પણ પ્રસિધ્ધ કરે છે. આરટીઆઈ કાયદાની કલમ–૪(૧) (૫) હેઠળ ની સત્તા મંડળે ઉપયોગમાં લેવાતાં અને તેમની પાસેના નિયમો, નિયંત્રણો વગેરેની વિગતોની યાદી જાહેર કરવાની જોગવાઈ છે અને તેનું પ્રાપ્તિ સ્થાન અને તે બજારમાંથી મેળવી લેવા જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે જ. તેથી આ મુદ્દાઓ પરત્વે માહિતીનો ઈન્કાર ગણી શકાય નહી. વધુમાં અરજદારને અપીલ તબકકે વેબ સાઈટના માધ્યમથી માહિતી મેળવેલ છે કે કેમ? પરંતુ તેનો ઉપયોગ કર્યાની કોઈ વિગત જણાવેલ નથી. કાયદા કે નિયમોની કોઈ ખાસ જોગવાઈ પૂરતી મર્યાદિત નકલો જાહેર માહિતી અધિકારી ફોટો સ્ટેક કરાવી ઉપલબ્ધ કરાવી શકે. પરંતુ અરજદારે પૂરા કાયદા તથા નિયમોનો આગ્રહ રાખેલ છે જે વાસ્તવમાં પુસ્તક વિક્રેતા પાસેથી મેળવવો વ્યવહારુ છે. મુદ્દા નં.૨ અંગે કોઈ તકરાર નથી. મુદ્દા નં.૩ થી ૫ અંગે અરજદાર ધ્વારા જાહેર સત્તા મંડળ ધ્વારા ભરતી અંગે આપેલ જાહેરાત જે જાહેર સ્વરૂપે પ્રગટ થયેલ છે. અને તેમાં ભરતીના નિયમ અને શરતો પણ હોય જ તેવી બાબતે સંસ્થાના અમલી ભરતી નિયમોમાં સૂચન સ્વરૂપે તથા અસ્તિત્વ ધરાવતાં નિયમોમાં વાજબીપણું સ્પષ્ટતા કરતાં મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે. જે આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) અનુક્રમે માહિતી અને માહિતી અધિકારના વ્યાખ્યાની જોગવાઈ સાથે સુસંગત નથી. જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતી ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ છે. આમ મુદ્દા નં.૩ ,૪,૫ અને ૬ જાહેર સત્તા મંડળના અસ્તિત્વ ધરાવતાં નિયમોમાં ફેરફાર કે સુધારા બાબતની અરજદારની રજૂઆત જણાય છે. જેને માટે આ બાબતે તકરારનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં .૩,૪ અને ૫ અંગે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧)ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીકૂટમેન્ટ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,